**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in

**ભરતી અંગેની જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં રાષ્ટ્રીય આરોગ્ય મીશન પ્રોગ્રામ અંતર્ગત તદન હંગામી ધોરણે કોલ્ડ ચેઇન ટેક્નીશીયનની ૧ જગા ભરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર તા.- ૨૧/૦૬/૨૦૧૯ (૦૦.૦૧ કલાક) થી તા . ૦૫/૦૭/૨૦૧૯ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત , પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

નોંધઃ- ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે નિયમાનુસાર ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

ચેરમેન
એક્ઝક્યુટીવ કમીટી
અને ડે.મ્યુનિસિપલ કમિશનર(આ)
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ. નં ૧૮૯/૧૯-૨૦

**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**

## સીધી ભરતી માટેની જાહેરાત

## (જાહેરાત ક્રમાંકઃ ૧૮૯/૨૦૧૯-૨૦)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | કોલ્ડ ચેઇન ટેક્નીશીયન | ૦૧ |

### ૧. શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ

(૧) ૧૨ પાસ અને ITI (ગવર્મેન્ટ ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ઇનસ્ટીટ્યુટ) દ્વારા રેફ્રીજરેશન અને એર કન્ડીશનીંગનો કોર્ષ કરેલ હોવો જોઇએ (૨) રેફ્રીજરેશન અને એર કન્ડીશનીંગની જાળવણીનો ૨ વર્ષનો અનુભવ હોવો જોઇએ (૩) બેઝીક કોમ્પ્યુટરનું જ્ઞાન (MS Office) જરૂરી છે.

### ૨. પગાર ધોરણઃ

રૂ. ૯,૫૦૦/- માસિક ફિક્સ પગાર

### ૩. ઉંમરઃ

વધુમાં વધુ ઉંમર મર્યાદા ૪૦ વર્ષ સુધી

### ૪. કરારનો સમયગાળોઃ

૧૧ માસના કરાર આધારીત

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા . ૨૧ /૦૬/૨૦૧૯ (૦૦-૦૧ કલાક) થી તા. ૦૫/૦૭/૧૯(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે . ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. <u>શૈક્ષણિક માહીતી:</u> શૈક્ષણિક માહીતી જો સામેલ Education Qualification Details માં ન હોય તો OTHER1 અને OTHER2 માં ભરવી.
4. <u>વયમર્યાદા:</u> અરજી સ્વીકારવાની તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
5. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ ગણવામાં આવશે.
6. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ **બેઝીક** કોમ્પ્યુટર કોર્ષ (MS Office) અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
7. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
8. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
9. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા /મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
10. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી /લેખિત/મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
11. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
12. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૨૦/૦૬/૨૦૧૯

**મેમ્બર સેક્રેટરી**
એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી,
અને આરોગ્ય અમલદાર
વડોદરા મહાનગરપાલિકા

**ચેરમેન**
એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી,
અને ડે.મ્યુ નિસિપલ કમિશ્નર(આ)
વડોદરા મહાનગરપાલિકા